# ચંદ્રમાના પ્રકાશ સાથે આગળ વધો

૧ માર્ચ, ૨૦૧૯

આત્મીય પાઠકો,

તમે ગયા મહિને પ્રેમને તમારી પ્રાથમિકતા બનાવી દીધી હશે એ વિશે જ્યારે હું વિચારું છું, ત્યારે મને ‘મધુર સરપ્રાઇઝ’ ૨૦૧૯ની યાદ આવે છે, જેમાં શ્રીગુરુમાઈએ આપણને બધાંને આછા કેસરી રંગના એક સુંદર ગુલાબની ભેટ આપી હતી. મને એ સમજાઈ રહ્યું છે કે જ્યારે આપણે આ વર્ષ માટેના ગુરુમાઈજીના સંદેશનું અધ્યયન કરીએ છીએ, તેનો અભ્યાસ કરીએ છીએ, તેને આત્મસાત્ કરીએ છીએ અને તેનું પરિપાલન કરીએ છીએ ત્યારે આપણે આ વર્ષના પ્રત્યેક દિવસ, પ્રત્યેક અઠવાડિયા, પ્રત્યેક મહિનાને એક સુગંધી ગુલાબ જેવું બનાવી રહ્યાં છીએ અને આ બધાં ગુલાબ ભેગાં મળીને અત્યંત સુંદર હારની રચના કરી રહ્યાં છે.

તમારા જીવનમાં ગુરુમાઈજીના સંદેશની તમારી સમજને વિકસિત કરવા અને તેને કાર્યાન્વિત કરવા, સિદ્ધયોગ પથ વેબસાઇટના દરવાજા તમારા માટે ખુલ્લા છે. આ મહિને વેબસાઇટની નિયમિત મુલાકાત દરમ્યાન તમને જોવા મળશે

- ઈશા સરદેસાઈ દ્વારા લિખિત નવી વાર્તાઓ, જે એક દૃષ્ટિ પ્રદાન કરશે જેના દ્વારા તમે ગુરુમાઈજીના સંદેશ વિશે વધુ શીખી શકશો
- મન અને મધુર સરપ્રાઇઝ ૨૦૧૯ના બીજા વિષયો પર શાસ્ત્રોનાં ઉદ્ધરણો અને તેની વ્યાખ્યાઓ
- ભારતના સંતકવિઓ દ્વારા રચિત ભજનો, અભંગો અને દોહાનું સંકલન
- ગાયત્રી મંત્ર પર એક વ્યાખ્યા, જેમાં ગાયત્રી મંત્રનું ગાન કરવાથી આપણે કેવી રીતે તે મંત્રના દેવતાનું આવાહન કરીએ છીએ એ વિશે સમજાવવામાં આવશે. આ વર્ષે અત્યાર સુધીમાં, ગુરુમાઈજીના સંદેશના અધ્યયન કરવાના એક માધ્યમ તરીકે, તમે ભગવાન શ્રીકૃષ્ણના અને મહાસરસ્વતી દેવીના ‘ગાયત્રી’ મંત્રોને સાંભળી રહ્યાં છો, તેનું ગાન કરી રહ્યાં છો અને તેના પર ધ્યાન કરી રહ્યાં છો.
- ગુરુમાઈજીના સંદેશ પર અધ્યયન પુસ્તિકાના અભ્યાસપત્ર ૬ થી ૯
- આ મહિનાનું ધ્યાનસત્ર, જેનું શીર્ષક છે : *Take Hold of the Reins of the Mind;* પહેલાં આ ધ્યાનસત્રનું સીધું ઑડિઓ પ્રસારણ થશે અને ત્યારબાદ તે વેબકાસ્ટ દ્વારા ઉપલબ્ધ રહેશે.
- ‘મધુર સરપ્રાઇઝ’ ૨૦૧૯ માટે ‘એકથી વધારે વાર પ્રતિભાગિતા પૅકેજ’ (The Multiple Participation Packages). ‘મધુર સરપ્રાઇઝ’માં વારંવાર ભાગ લેવાથી તમને તમારા પોતાના મન સાથે કાર્ય કરવાના

તમારા અભિગમને પરિષ્કૃત કરવા, તમારા પોતાના શ્વાસના આલોકની પુનઃ ખોજ કરવા અને તમારી સાધનાને પુનર્નવીન કરવા માટે મદદ મળશે.

સિદ્ધયોગ પથ પર માર્ચનો આ મહિનો મહોત્સવોનો મહિનો છે. સૌપ્રથમ ૪થી માર્ચના દિવસે મહાશિવરાત્રિ, ભગવાન શિવની મહારાત્રિ છે. તમે વેબપેજ પર પ્રકાશિત પોસ્ટ દ્વારા આ ઉત્સવ વિશે વધુ જાણકારી મેળવી શકશો :

- Images of the crescent Mahashivaratri moon, વિશ્વભરમાંથી મળેલા મહાશિવરાત્રિના અર્ધચંદ્રના ફોટાઓ, જે તમે બધાં મોકલો છો. આ એક સુંદર પરંપરા છે જેની રચના ગુરુમાઈજીએ વર્ષ ૨૦૧૫માં કરી હતી જેથી દરેક વ્યક્તિ ભગવાન શિવના ચંદ્રમાનાં દર્શન કરી શકે, જે પૃથ્વીનું પરિભ્રમણ કરી રહ્યો છે.
- મહાશિવરાત્રિનાં માહાત્મ્ય વિશે વાર્તાઓ
- ભગવાન શિવના સન્માનમાં શાસ્ત્રોનાં ઉદ્ધરણો અને સ્તોત્રો

તદુપરાંત, આ મહિનામાં વસંતઋતુના ઉત્સવરૂપે, ભારતમાં લોકો રંગોના આનંદપૂર્ણ તહેવાર હોળીનો ઉત્સવ મનાવશે. હોળી બે દિવસનો ઉત્સવ છે, જેની શરૂઆત આ વર્ષે ૨૦ માર્ચે પૂર્ણિમાએ થશે અને બીજા દિવસે તેનું ઉલ્લાસપૂર્ણ સમાપન થશે.

માર્ચના આ મહિનામાં તમારા બધાં માટેની મારી એક શુભેચ્છાને વ્યક્ત કરીને હું આ પત્રનું સમાપન કરીશ. અને તે શુભેચ્છા એ છે કે તમે એ ગહન મૌન સાથે આગળ વધો જેનો અનુભવ તમારા મનમાં મહાશિવરાત્રિનું સ્મરણ કરવાથી ઉદ્ભવે છે; તમે એ આનંદ-ઉલ્લાસ અને ખુશી સાથે આગળ વધો જે હોળીના તહેવારથી આવે છે; તમે એ ઉત્સાહ, દઢનિશ્ચય અને અસીમ સંભાવનાના ભાવ સાથે આગળ વધો, જેનો અનુભવ તમે પહેલીવાર વર્ષ ૨૦૧૯ માટેના શ્રીગુરુમાઈના સંદેશને પ્રાપ્ત કરતી વખતે કર્યો હતો — અને તમે જેટલીવાર ‘મધુર સરપ્રાઇઝ’માં ભાગ લો છો તેટલીવાર તેને નવીન થતા અનુભવ કરો છો.

अगली मुलाक़ात अगले महीने। हृदय को भक्ति से प्रदीप्त रखें।

હૃદયની પોતાની જ રીતિ હોય છે, તેને શીખતા રહો.

આદરસહિત,

ગરિમા બોરવણકર

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.